**નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત**

**સાફલ્યગાથા તા.૧૮/૦૧/૨૦૨૧ થી ૨૪/૦૧/૨૦૨૧**

| કચેરી/ શાખા | કચેરી કામગીરીની વિગત |
|---|---|
| ખેરગામ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ખેરગામ પો.સ્ટે. પાર્ટ. સી નં.૧૧૮૨૨૦૦૪૨૧૦૦૫૧ પ્રોહી એકટ કલમ ૬૫એઈ,૧૧૬(૨),૮૧,૯૮(૨) મુજબ તે એવી રીતે કે, આ કામના તહો.એ એકબીજાની મદદગારીથી સફેદ કલરની હ્યુડાઇ કંપનીની આસ્થા કાર નંબર GJ-15-CH-2456 ની માં ભારતીય બનાવટની વિદેશીદારૂ વ્હીસ્કીની નાની-મોટી બાટલીઓ કુલ નંગ-૭૮૦ જેની કિં.રૂ.૬૬,૦૦૦/- તથા સફેદ કલરની હ્યુડાઈ કંપનીની આસ્થા કાર નંબર GJ-15-CH-2456 ની કિ.રૂ.૪,૦૦,૦૦૦/- તથા મોબાઇલ નંગ- ૧ કિ.રૂ. ૫૦૦/- મળી કુલ કિ.રૂ.૪,૬૬,૫૦૦/- નો મુદ્દમાલ સાથે આરોપી નં.૧ તથા ૨ નાઓ પકડાય જઇ તથા આરોપી નં.૩ અને ૪ નાઓ નાશી જઇ ગુનો કર્યા વિગેરે બાબત. |
| ખેરગામ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | ખેરગામ પો.સ્ટે. બી-પાર્ટ-ગુ.ર. નં ૧૧૮૨૨૦૦૪૨૧૦૦૪૮ જુગારધારા કલમ ૧૨ અ મુજબ તે એવી રીતે કે આ કામ ના નવસારીવોન્ટેડ આરોપી-(૮) સીદ્દીક S/O મહમ્મદ શેખ રહે-ખેરગામ,કાછીયા ફળિયા તા-ખેરગામ જી-નવસારીનાઓ એકબીજાની મદદગારીથી મોજે ખેરગામ પટેલ ફળીયા કમરીબેન બુધિયાભાઇ રાઠોડના ઘરની સામે ખુલ્લામાં વોન્ટેડ આરોપીએ આરોપી નં.૧ થી ૩ નાઓને આવતા જતા લોકો પાસેથી ટાઈમ બજારનો વરલી મટકાના આંક ફરકના જુગાર રમી રમાડતા આરોપી નં.૪ થી ૭ નાઓ વરલી મટકાનો જુગાર રમવા આવતા આરોપી નં.૧ થી ૭ નાઓ પકડાઈ જઇ તેઓના પાસેથી ટાઈમ બજારના વરલી મટકા જુગારની કાપલીઓ તથા જુગારના સાધનો કિ.રૂ.૫૦/-તથા રોકડા રૂપિયા-૧૮,૨૪૫/-તથા બે મોબાઈલ ફોન કિ.રૂ.૧૦૦૦/-મળી કુલ્લે રૂપિયા-૧૯,૨૯૫/-મુદ્દામાલ સાથે ગુનો કરી પકડાઈ જઇ તથા વોન્ટેડ આરોપી ગુનો કરી નહી પકડાયેલ હોય |
| નવસારી રૂરલ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | નવસારી રૂરલ પો.સ્ટે પાર્ટ C૧૧૮૨૨૦૨૧૨૧૦૩૨૪ પ્રોહી એક્ટ કલમ ૬૫એ.ઇ, ૯૮(૨), ૮૧, ૧૧૬(૨) મુજબ જેથી ઉપરોક્ત ઇનોવા કાર નં GJ-15-CF-1296ના ચાલક તથા તેની બાજુમા બેસેલ ઇસમ જેનું પુરૂ નામ સરનામું જણાયેલ નથી તેણે પોતાના કબ્જાની ઇનોવા કાર વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂનો જથ્થો કંપનીના સીલબુચ લેબલવાળો બાટલી નંગ ૧૬૮ કિ.રૂ. ૬૯,૬૦૦/- નો ઇનોવા કાર નં GJ-15-CF-1296 એન્જીંન નંબર 2KD9459247 તથા ચેચીસ નં.KUN4407016260 જેની કિંમત રૂપિયા આશરે ૩,૫૦,૦૦૦/- ગણી કુલ્લે રૂ.૪,૧૯,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ ભરી પોતાના આર્થિક ફાયદા સારૂ વાહતુક કરવા લઈ આવતા દુરથી પોલીસ પંચોના માણસો જોઇ પ્રોહી મુદ્દામાલ ભરેલ ઇનોવા કાર બીનવારસી હાલતમા મુકી અંધારાનો લાભ લઇ નજીકના ખેતરોમા નાસી ગયેલ તથા તહો નં (૨) ભાવેશભાઇ ભગુભાઇ હળપતી રહે- AP ૩૫૮-૮ બરમેડા મોટા પોંઢા તા.કપરાડા જી.વલસાડ નાઓએ પોતાની ગાડી પ્રોહી મુદ્દમાલના વહન માટે આપી એકબીજાની મદદગારી કરી ગુનો કરેલ હોય જઇ ગુનો કરેલ હોય મારી તેના વિરૂધ્ધ પ્રોહી એકટ કલમ ૬૫એ.ઈ,૯૮(૨),૮૧,૧૧૬(૨) મુજબ કાયદેસર થવા ફરીયાદ છે |
| વાંસદા પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | 'વાંસદા પો.સ્ટે. પાર્ટ-સી FIR નંબર ૧૧૮૨૨૦૦૩૨૧૦૧૦૨/૨૦૨૦ પ્રોહી એક્ટ કલમ ૬૫AE,૮૧,૧૧૬(૨),૯૮(૨)મુજબ તે એવી રીતની છે કે, સદરહું પકડાયેલ આરોપી નં-(૧) જીતેન પ્રેમાભાઇ પટેલ રહેવાસી-મોટીવાકડગામ સ્કુલ ફળીયા દમણ તથા (૨) હિરેનભાઇ સુમનભાઇ પટેલ રહેવાસી- મોટીવાકડગામ સ્કુલ ફળીયા દમણ નાઓ કાળા કલર હોન્ડાઇ સેન્ટ્રો કાર રજીસ્ટ્રેશન નંબર. GJ-15-AD-5975 માં કારની પાછળની સીટ માં બેસેલ નાશી જનાર વોન્ટેડ આરોપી (૩) ધર્મેશભાઇ પટેલ રહે. કચીગામ દમણ જેના પુરાનામ સરનામુ ખબર નથી. જેનો મોબાઇલ નંબર-૬૩૫૯૩૫૪૬૩૧ નાઓએ ભારતીય બનાવટનો વિદેશી વ્હીસ્કી જથ્થો ભરી |

| | |
|---|---|
| | એકબીજાની મદદગારી કરી વગર પાસ પરમીટે વહન કરી લઇ જતાં મોજે. સુથારવાડ ફળીયા ઝરીગામ ની હદ માં વાંદરવેલાગામ થીપ્રતાપનગર તરફ જતાં રોડ ઉપર આરોપી નં.(૧)(૨) નાઓ સ્થળ ઉપર ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ કુલ નંગ-૩૬૮ ની કિં.રૂ.૨૯,૨૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા હોન્ડાઇ સેન્ટ્રો કાર કી.રૂ.૧,૦૦,૦૦૦/- તથા પકડાયેલ આરોપીઓની અંગઝડતીમાંથી મળી આવેલ મોબાઇલ ફોન-૨ જેની કિ.રૂ.૧૦,૦૦૦/- નો મળી કુલ્લે- ૧,૩૯,૨૦૦/- નો મુદ્દામાલ સાથે સ્થળ ઉપર પકડાઇ ગયેલ અને વોન્ટેડ આરોપી નં.(૩) નાઓ સ્થળ ઉપર થી નાશી જઇ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુનો કર્યા વિગેરે બાબત. |
| નવસારી રુરલ પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ –સી- ૧૧૮૨૨૦૨૧૨૧૦૨૧૬ પ્રોહી એકટ કલમ ૬૫ (A),(E), ૮૧, ૧૧૬(બી) મુજબ આરોપી બહેનોએ કાપડની બગલ થેલામાં ભારતીય બનાવટનો જુદી કંપનીની નાની મોટી વ્હીસ્કી/ટીન બિયર ની બાટલીઓ નંગ-૨૭૨ નો પ્રોહી મુદ્દામાલ કુલ્લે કિ.રૂ. ૨૮,૪૪૦/- નો શીલ બુચ લેબલ વાળો વગર પાસ પરમીટે વાહતુક કરી લઇ આવતા પકડાઇ જઈ ગુનો |
| વાંસદા પોલીસ સ્ટેશન અધિકારી/ કર્મચારીઓ | વાંસદા પો.સ્ટે. 'પાર્ટ-સી-૧૧૮૨૨૦૦૩૨૧૦૦૯૪<br>પ્રોહી એકટ કલમ-૬૫AE,૮૧,૯૮(૨) મુજબ 'તે એવી રીતે કે આ કામના તહોએ એક બીજાની મદદગારીથી મહેન્દ્ર પીકઅપના બોડીના પાછળના ભાગે ૫૦ નંગ નમકીનના પુઠાના બોક્ષમા આશરે ૧૮૦૦ નંગ નમકીન પેકેટ જેમાં સેવ-મમરા, તથા સીંગ, તથા પાપડી, ગાંઠીયા વિગેરે ખાવાની ચીજ વસ્તુ ભરેલ છે જે એક પેકેટની કિ.રૂ.૫ રૂપિયા લેખે ૧૮૦૦ નંગ નમકીનની પેકેટની આશરે કિ.રૂ.૯,૦૦૦/-ની ઓથમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બાટલીઓ તથા ટીનબીયરની કુલ બાટલીઓ નંગ- ૧૨૭૨ જેની કિ.રૂ.૧,૧૦,૪૦૦/- તથા નંબર વગરનો મહેન્દ્ર પીકઅપ ની કિ.રૂ.૩,૫૦,૦૦૦/- તથા આરોપીઓની અંગઝડતી માંથી મળી આવેલ મોબાઇલ ફોન નંગ-૧ જેની કિ.રૂ.૫૦૦/- તથા અંગઝડતીમાંથી મળી આવેલ રોકડા રૂપિયા ૧૭૦૦/- ગણી તમામ મુદ્દામાલની કિ.રૂ.૪,૭૧,૬૦૦/- નો મુદ્દામાલ પકડાઇ જઇ ગુનો કર્યા વિગેરે છે. |
| | |
| | |



પ્રેસ નોટ તા.૧૮/૦૧/૨૦૨૧

નવસારી સબજેલમાંથી વચગાળાના જામીન ઉપરથી ફરાર ત્રણ આરોપીઓને ઝડપી પાડી નવસારી સબજેલ ખાતે પરત સોંપતી એલ.સી.બી નવસારી

અત્રેના નવસારી જીલ્લાની સબજેલ નવસારી ખાતેથી વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા શ્રી આર.ડી.ફળદુ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારી નાઓએ નાઓએ વી.એસ.પલાસ પોલીસ ઇન્સપેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.૧૭/૦૧/૨૦૨૧ ના રોજ પો.સ.ઇ. એમ.જી.પાટીલ, પો.સ.ઇ. કે.એચ.પુવાર, ASI કલ્યાણભાઇ રામભાઇ, ASI સુનીલસિંહ દેવીસિંહ, ASI વિજયસિંહ દલપતસિંહ, અ.હે.કો. અરૂણસિંહ જગતસિંહ તથા અ.હે.કો. સુરેશભાઇ વિષ્ણુભાઇ તમામ નોકરી એલ.સી.બી. સાથે નવસારી રૂરલ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હાજર હતા. દરમ્યાન ASI કલ્યાણભાઇ રામભાઇ, ASI સુનીલસિંહ દેવીસિંહ તથા ASI વિજયસિંહ દલપતસિંહ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે નવસારી રૂરલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૩૪/૨૦૧૩ ઇપીકો કલમ ૩૭૦, ૧૧૪ મુજબના ગુનાના કામના વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓ (૧) નાનુભાઇ જીનુભાઇ હળપતી રહે. ઓઝેશ સિસોદ્રા, તળાવ ફળીયુ, તા.જી.નવસારી તથા (૨) રાજુભાઇ જીનુભાઇ હળપતી રહે. ઓઝેશ સિસોદ્રા, તળાવ ફળીયુ, તા.જી.નવસારી નાઓને તેઓના ઘરેથી પકડી પાડી તેમજ અ.હે.કો. અરૂણસિંહ જગતસિંહ તથા પો.કો. વિપુલભાઇ નાનુભાઇ નાઓને સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે, ગણદેવી પો.સ્ટે. થર્ડ ગુ.ર.નં.૪૩૦/૨૦૧૦ પ્રોહી એક્ટ કલમ ૬૬બી મુજબના કામે વચગાળાના જામીન ઉપરથી ફરાર થયા કામનો આરોપી હરીશભાઇ સોમાભાઇ માહ્યાવંશી રહે. મટવાડગામ, સરદાર મહોલ્લો, તા.ગણદેવી જી.નવસારી નાઓને તેઓના ઘરેથી પકડી પાડી ઉપરોક્ત ત્રણેય આરોપીઓને પરત નવસારી સબજેલ ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.



પ્રેસનોટ તા.૧૮/૦૧/૨૦૨૧

## છેલ્લા ૨ વર્ષથી બીલીમોરા પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં નાસતા-ફરતા આરોપીને ડિટેઇન કરતી એલ.સી.બી./પેરોલ ફર્લો નવસારી

પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી આર.ડી.ફળદુ નવસારી વિભાગ, નવસારી નાઓએ હાલમાં પોલીસ મહાનિર્દેશકશ્રી સી.આઇ.ડી. ક્રાઇમ એન્ડ રેલ્વેઝ ગુ.રા.ગાંધીનગર નાઓની કચેરી તરફથી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટેની ઝુંબેશ હાલમાં ચાલુ હોય જે ઝુંબેશ અનુસંધાને નવસારી જીલ્લાના તેમજ જીલ્લા બહારના નાસતા ફરતા આરોપીની ધરપકડ કરવા અંગે વી.એસ.પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે આધારે પો.સ.ઇ એમ.જી.પાટીલ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી., પો.સ.ઇ. કે.એચ.પુવાર પોલીસ સબ ઇન્સ્પેક્ટર એલ.સી.બી. નવસારી તથા એ.એસ.આઇ. વિજયસિંહ દલપતસિંહ પેરોલ ફર્લો સ્કોડ એટેચ એલ.સી.બી નવસારી તથા હે.કો. નીલેશભાઇ અશોકભાઇ તથા પો.કો. અર્જુનભાઇ પ્રભાકરભાઇ, પો.કો. સંદીપભાઇ પીઠાભાઇ તથા પો.કો. મહેશભાઇ રામજીભાઇ તમામ એલ.સી.બી. નવસારી નાઓ સાથે એલ.સી.બી. કચેરી ખાતે હાજર હતા. દરમ્યાન પો.સ.ઇ. એમ.જી.પાટીલ નાઓને તેમના ખાનગી બાતમીદાર મારફતે હકીકત મળેલ કે, બીલીમોરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૬/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનાના કામનો આરોપી એલેક્ષ એડવીન વેલ્સ રહે. એફ-૩૦૩ વેસ્ટન સીટી એલ.પી.સવાણી સ્કુલ પાસે, પાલ સુરત નાનો હાલ બારડોલી તેનગામ ખાતે ૧૧૨, વિનાયક વિહાર બિલ્ડીંગમાં રહે છે અને તેણે શરીરે પર્પલ કલરનો શર્ટ તથા કમરે સફેદ કલરનો પેન્ટ પહેરેલ તેમજ ચશ્મા પહેરેલ છે. જે મળેલ બાતમી હકીકત તથા ટેકનિકલ સર્વેલન્સ આધારે ઉપરોકત પોલીસ માણસો સાથે બાતમી હકીકતમાં જણાવેલ જગ્યાએ જઇ તપાસ કરતા ઉપરોકત એક ઇસમ બાતમી હકીકતમાં જણાવેલ સરનામે મળી આવતા તેના નામઠામની ખાત્રી કરી વધુ પુછપરછ માટે નવસારી એલ.સી.બી કચેરી ખાતે લઇ આવી આરોપી એલેક્ષ એડવીન વેલ્સ રહે. એફ-૩૦૩ વેસ્ટન સીટી એલ.પી.સવાણી સ્કુલ પાસે, પાલ સુરત હાલરહે. ૧૧૨, વિનાયક વિહાર બિલ્ડીંગ, ચાણક્યપુરી તેનગામ તા.બારડોલી જી.સુરતગ્રામ્ય નાનો નાસતો-ફરતો હોવા અંગે બીલીમોરા પો.સ્ટે.માં તપાસ કરતા તે બીલીમોરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૬ /૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુનામાં છેલ્લા ૨ વર્ષથી નાસતો-ફરતો હોવાનું જણાય આવતા સદર આરોપીઓને આજરોજ આગળની વધુ કાર્યવાહી અર્થે બીલીમોરા પો.સ્ટે. ખાતે સોપવામાં આવેલ છે.



તા.૨૦/૦૧/૨૦૨૧

## ભારતીય બનાવટના વિદેશી દારૂ વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ નંગ-૩૬૮ કિ.રૂ.૨૦,૨૦૦/- ના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ડીટેઇન કરતી નવસારી એલ.સી.બી

અત્રેના નવસારી જીલ્લામાં પ્રોહીબીશન પ્રવૃતિ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ તથા આર.ડી.ફળદુ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક નવસારી વિભાગ, નવસારી નાઓએ વી.એસ. પલાસ પોલીસ ઇન્સ્પેક્ટર એલ.સી.બી નવસારી નાઓને જરૂરી સુચના આપેલ.

જે અન્વયે તા.૨૦/૦૧/૨૦૨૧ના રોજ પો.સ.ઇ. કે.એચ.પુવાર તથા અ.હે.કો. જયેશભાઇ ગોવિંદભાઇ, અ.હે.કો. મિલનભાઇ મનસુખભાઇ, પો.કો. કિરણભાઇ ભગુભાઇ, તથા પો.કો.વિપુલભાઇ નાનુભાઇ નાઓ સાથે વાંસદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી ગુના અંગે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન અ.હે.કો. મિલન મનસુખભાઇ તથા પો.કો. વિપુલભાઇ નાનુભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે મોજે. મોજે.ઝરીગામ મુખ્યરસ્તા ફળીયામાં આવેલ ત્રણ રસ્તા ખાતે હ્યુન્ડાઇ સેન્ટ્રો કાર રજીસ્ટ્રેશન નં.GJ-15-AD-5975 ની વોચમાં હતા. દરમ્યાન ઉપરોકત નંબરની કાર આવતા તેને ઉભી રાખવા ઇશારો કરતા કાર ચાલકે પોતાની કાર રોડે આગળ રોડ ઉપર ઉભી રાખી ચાલક તથા તેની બાજુમાં બેસેલ ઇસમ તથા પાછળની સીટમાં બેસેલ ઇસમ કારનો દરવાજો ખોલી નાસવા જતા દોડીને ચાલક તથા તેની બાજુમાં બેસેલ ઇસમને કાર પાસે પકડી પાડેલ અને પાછળની સીટમાં બેસેલ ઇસમ ખુલ્લા ખેતરોમાં થઇ નાસી ગયેલ. પકડાયેલ કારમાં જોતા ડ્રાઇવર સીટ તથા બાજુની સીટની નીચે તથા આગળ અને પાછળના બંપરમાં ચોરખાનુ બનાવી તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂ વ્હીસ્કીની બાટલીઓ નંગ-૩૬૮ જેની કિ.રૂ.૨૦,૨૦૦/- મળી આવતા તેને કબ્જે કરી કાર સાથે પકડાયેલ કાર ચાલકનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ જીતેન પ્રેમાભાઇ પટેલ રહે-મોટી વાકડગામ સ્કુલ ફળીયા દમણ તથા બીજા ઇસમનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ કિરેનભાઇ સુમનભાઇ પટેલ રહે-મોટી વાકડગામ સ્કુલ ફળીયા દમણનો હોવાનુ જણાવેલ. પકડાયેલ આરોપીઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, પાછળની સીટમાં બેસેલ નાસી જનાર વોન્ટેડ આરોપી નં-(૩) ધર્મેશભાઇ પટેલ રહે. કચીગામ દમણ જેના પુરાનામ સરનામુ ખબર નથી નાઓ સાથે મળી વોન્ટેડ આરોપી નં-(૪) અરવિંદભાઇ કેશવભાઇ રાઠોડ રહે- ઉમરાખ સુરત નાને પકડાયેલ પ્રોહીનો જથ્થો પહોંચાડવા જનાર હોવાની હકીકત જણાવેલ. જેથી વાંસદા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી આગળની તપાસ શ્રી પી.એમ.કચ્છવાહા પો.સ.ઇ. ગણદેવી પોલીસ સ્ટેશન નાઓ તરફ કરેલ છે.

(૧) પકડાયેલ આરોપીનુ નામ

(૧) જીતેન પ્રેમાભાઇ પટેલ ઉ.વ.૩૦ રહે-મોટીવાકડગામ સ્કુલ ફળીયા દમણ (૨) કિરેનભાઇ સુમનભાઇ પટેલ ઉ.વ.૩૩ રહે -મોટીવાકડગામ સ્કુલ ફળીયા દમણ

(૨) વોન્ટેડ આરોપીઓનુ નામ સરનામું :-

કારની પાછળની સીટમાં બેસેલ નાસી જનાર વોન્ટેડ આરોપી નં-(૩) ધર્મેશભાઇ પટેલ રહે. કચીગામ દમણ જેના પુરાનામ સરનામુ ખબર નથી. તથા માલ મંગાવનાર વોન્ટેડ આરોપી નં-(૪) અરવિંદભાઇ કેશવભાઇ રાઠોડ રહે- ઉમરાખ સુરત



## <u>પ્રેસ નોટતા.૨૧/૦૧/૨૦૨૧</u>

## નવસારી ટાઉન પોલીસ સ્ટેશનનો વણશોધાયેલ ચોરીનો ગુનો શોધી કાઢી આરોપીને ડિટેઇન કરતી નવસારી એલ.સી.બી

નવસારી ટાઉન પો.સ્ટે. પાર્ટ-એ FIR નંબર ૧૧૮૨૨૦૧૯૨૧૦૧૦૨ ઈ.પી.કો. કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ દાખલ થયેલ. સદર ગુનામાં આરોપીએ નવસારી વિધરા રોડ અલીફનગર ખાતે આવેલ બંધ મકાનને મારેલ તાળુ તોડી અંદર પ્રવેશ કરી ઘરમાં મુકેલ સીમેક્સ કંપનીની એલ.ઈ.ડી ટી.વી. ચોરી કરી લઈ જઈ ગુનો કરેલ.

ઉપરોકત ઘરફોડ ચોરી ગુનાનો ભેદ ઉકેલવા સારૂ શ્રી ઋષિકેશ ઉપાધ્યાય પોલીસ અધિક્ષક સાહેબ નવસારી તથા આર.ડી.ફળદુ ઇન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષકશ્રી નવસારી નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.ઇન્સ વી.એસ.પલાસ અને પો.સ.ઇ કીર્તિપાલસિંહ પુંવાર નાઓએ ગુનાના કામે ટેકનીકલ સોર્સ થી વર્કઆઉટ કરી તેમજ ખાનગી બાતમીદારો મારફતે તપાસ હાથ ધરવામાં આવેલ. જે અનુસંધાને અ.હે.કો નિલેશભાઇ અશોકભાઇ તથા પો.કો અર્જુનભાઇ પ્રભાકરનાઓને તેમના ખાનગી બાતમી હકીકતથી મળેલ બાતમી હકિકત આધારે ઉપરોકત ગુનાના કામે આરોપી રવિ પ્રકાશભાઈ ગોરાહવા ઉ.વ.૨૧ રહે. હાલ વિજલપોર પીરૂદાજીની વાડી ગલીનંબર-૧, તા.જલાલપોર જી.નવસારી મુળરહે. તીઘરાનવી વસાહત નવસારી તા.જી.નવસારી નાને ચોરી થયેલ મુદામાલ સાથે આજરોજ તા.૨૧/૦૧/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે ડિટેઇન કરી આગળની કાર્યવાહી માટે નવસારી ટાઉન પો.સ્ટે.માં સોંપેલ છે.

(૧) <u>પકડાયેલ આરોપીનુ નામ સરનામુ:-</u>
રવિ પ્રકાશભાઈ ગોરાહવા ઉ.વ.૨૧ રહે. હાલ વિજલપોર પીરૂદાજીની વાડી ગલીનંબર-૧, તા.જલાલપોર જી.નવસારી મુળરહે. તીઘરાનવી વસાહત નવસારી તા.જી.નવસારી

(૨) <u>કબ્જે કરેલ મુદામાલ:-</u>
સીલ્વર પટ્ટી વાડી કાળા કલરની સીમેક્સ કંપનીની એલ.ઈ.ડી ટી.વી જેની આશરે કિ.રૂ.૧૩,૦૦૦/-

(૩) <u>ગુનાની હેતુ (MOTIVE)</u>: હાલમાં લોકડાઉનના સમયમા ધંધામાંમંદી આવતા આરોપીઓ આર્થિક ભીંસમાં સપડાતા ચોરી કરી, વેચી દઇ આર્થિક લાભ મેળવવા સારૂ.

(૪) <u>સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-</u>
એલ.સી.બી પો.ઇન્સશ્રી વી.એસ.પલાસ, પો.સ.ઇ કિર્તીપાલસિંહ પુંવાર, એ.એસ.આઇ કલ્યાણભાઇ રામભાઇ, હે.કો જયેશભાઇ ગોવિંદભાઇ, હે.કો નિલેશભાઇ અશોકભાઇ, હે.કો. સુરેશભાઈ વિષ્ણુભાઈ, તથા પો.કો અર્જુનભાઇ પ્રભાકરભાઇ, તથા એલ.સી.બી ટીમનાઓ દ્રારા સારી કામગીરી કરેલ છે.

